પ્રાંતિજમાં વનવિભાગની પક્ષી બચાવો જાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વનવિભાગ દ્વારા પક્ષી બચાવો જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. જેમા શાળાના બાળકો દ્વારા વિવિધ બેનરો સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતાં. રાજય સરકારના કરૂણા અભિયાન ૨૦૧૮ અંતગર્ત પ્રાંતિજ વનવિભાગની ટીમ તથા પ્રાંતિજ જાયન્ટસ ગૃપ તથા નાંલદા શાળાના બાળકો દ્વારા પ્રાંતિજ તાલુકા સેવાસદનથી પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ સુધી પક્ષી બચાવો જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. તો વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સૂત્રોચ્ચાર અને બેનરો સાથે લોકોમાં જાગૃતિ લાવવામાં આવીહતી. રેલીમાં ફોરેસ્ટ અધિકારી જે. એન. દેસાઈ, આરેફો ઈન્ચાર્જ એ. જે. વાંળદ, ફોરેસો જી. બી. દેસાઈ, વનરક્ષક એન.બી. ચૌધરી, જાયન્ટસ સ્થાપક ડાં. એન.કે. ડેરિયા, જાયન્ટસ મેન પ્રમુખ વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ પ્રમુખ નિખીલભાઈ સુખડીયા સહિત નાંલદા સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત પક્ષી પ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

સિવિલના ચોપડે છેલ્લા સપ્તાહમાં ૯૪ ડૉગ બાઈટના કેસ નોંધાયા

રખડતા શ્વાનના આતંકથી પ્રજાજનો પરેશાન

ગાંધીનગર, તા.૧૦

સિવિલ હોસ્પિટલમાં શિયાળાની સિઝનના પ્રારંભે જ ડોગ બાઈટના ૯૪ કેસ સામે આવ્યા છે. પાટનગરની સોસાયટીઓ તેમજ ગલીઓમાં રખડતા શ્વાનનો આતંક વધી જવા પામ્યો છે. પરંતુ તંત્ર કંઈ કરી શકે તેમ ન હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે રખડતા શ્વાનથી પરેશાન નાગરીકોને ઘરમાં પુરાઈ રહેવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં તા.૨ થી ૮ ફેબુઆરી સુધીમાં શ્વાન કરડવાના કિસ્સાની સાથે ડેન્ગ્યુના-૨ , કમળાના-૧૧, ટાઈફોઈડ-૧, ઝાડા-ઉલ્ટીના-૨૧ અને સર્પદંશના ૨ કેસ નોંધાયા છે.

સામાન્ય રીતે શિયાળાની સિઝનમાં સૌથી વધુ શ્વાન કરડવાના કેસ નોંધાતા હોય છે. પરંતુ તાજેતરમાં ગત્ ચોમાસાની સિઝનમાં પણ શ્વાન કરડવાના ઘણા બધા કેસ સામે આવ્યા હતા. ત્યારે તાજેતરમાં તા.૨ થી ૮ ફેબુઆરી સુધીમાં ૯૪ કેસ સામે આવ્યા છે. જેમાં શહેર-જિલ્લામાં રખડતા શ્વાનોએ અનેક નાગરીકોને પોતાના શિકાર બનાવ્યા છે. શ્વાનનો આતંક વધતા વસાહતીઓ પોતાના બાળકોને પણ ઘર પાસે એકલા રમવા દેતા પણ ડર અનુભવે છે. રાત્રીના સમયે પણ નાગરીકો ઘરમાંથી બહાર નીકળી શકતા નથી. શ્વાન રીતસરની ટુ-વ્હીલર ચાલકો પાછળ દોટ મુકતા વાહનચાલકો પણ નાનામોટા અકસ્માતનો ભોગ બને છે. શ્વાનના આતંક હોવા છતા તંત્ર નિરાધાર હોય તેવી સ્થિતિમાં મુકાઈ ગયું હોય તેવુ લાગી રહ્યું છે. તો બીજીતરફ સિવિલમાં શ્વાન કરડવાના કિસ્સાની સાથે તા.૨ થી ૮ ફેબુઆરીમાં ડેંન્ગ્યુના-૨, કમળાના-૧૧, ટાઈફોઈડના-૧, ડાયેરીયાના-૨૧ તેમજ સર્પદંશના-૨ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં મચ્છરજન્ય-પાણીજન્ય રોગચાળાના કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શ્વાનને પકડવાની કામગીરી તંત્ર દ્વારા તેજ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વસાહતીઓમાં ઉઠવા પામી છે. જયારે કેટલાક સેકટરોમાં રાત્રીના સમયે પણ વસાહતીઓ જવાનું પણ ટાળી રહ્યા છે.

શહિદ આરબેશંકરની દસમી પૂણ્યતિથિ નિમિત્તે સુંદરકાંડ પાઠ

શહિદ અરબેશંકર આર. યાદવની દસમી પૂણ્યતિથી નિમિત્તે શહિદ સ્મારક પર ૧૪ જાન્યુઆરી ૨૦૧૮ના રવિવારના રોજ સાંજે ૫ કલાકે સુંદરકાંડનો પાઠ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત શહિદ સ્મારક પર પૂષ્પાંજલી અર્પીત કરી શકનાર છે તેમ યાદવ રાજધારી આઈ શહિદના પિતાની અખબારી યાદીમાં જણાવાયું છે.

આવતીકાલે પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવાશે

યુગપુરૂષ યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદજીની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે વિવેકાનંદ ચોક, દિલ્હીગેટ, પાલનપુર સ્થિત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને આદરાંજલિ, પુષ્પાંજલિનો કાર્યક્રમ ૧૨ જાન્યુઆરી-૨૦૧૭ શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પાલનપુરના તમામ નાગરિક ભાઈ-બહેનોને વિવેકાનંદ કેન્દ્રના કન્વીનર ગણપતભાઈ કે.જોષીએ જણાવ્યું છે.

ખેડબ્રહ્મામાં ભાજપ દ્વારા સેન્સ લેવાઈ

ખેડબ્રહ્મા નગરપાલિકની સામાન્ય ચૂંટણી ટુંક સમયમાં જાહેર થવાની હોઈ તે અનુસાંધાને બીજેપી દ્વારા કાર્યકરોની સેન્સ લેવા રમીલાબેન બારા, અશોકભાઈ જોશી, તખતસિંહ હડિયોલ સર્કિટહોઉસમાં આવી કાર્યકરોની વાતો સાંભળી હતી. જેમાં શહેરમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો આવી પહોંચ્યા હતા. સેન્સનો કાર્યક્રમ સવારથી મોડી સાંજ સુધી ચાલ્યો હતી.

જોયઆલુક્કાસ જવેલર્સના શો રૂમ પર દરોડા

વહેલી સવારે જ આઇટીના અધિકારીઓએ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતેના શો-રૂમો પર દરોડા પાડયા

અમદાવાદ,તા.૧૦

જવેલર્સની દુનિયામાં જાણીતું નામ ધરાવતાં જોયઆલુક્કાસ જવેલર્સના અમદાવાદ સહિતના વિવિધ શહેરોના શો-રૂમ્સ પર આજે ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ રાજયવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા. ગુજરાત સહિત દેશભરમાં આઈટી વિભાગે જોયઆલુક્કાસના દેશભરના શો-રૂમ્સ પર એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતેના શો-રૂમ્સ પર મોટાપાયે દરોડા પાડી આઈટી વિભાગના અધિકારીઓએ વાંધાજનક દસ્તાવેજો અને ચોપડા જપ્ત કરી કાર્યવાહી કરતાં અન્ય જવેલર્સ અને સોના-ચાંદીના શો-રૂમ્સ ધરાવતાં વેપારીઓમાં પણ ફફડટાની લાગણી ફેલાઈ ગઈ હતી. ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓની અલગ-અલગ ટીમોએ આજે વહેલી સવારે શહેરના પરિમલ ગાર્ડન વિસ્તારમાં આવેલા જોયઆલુક્કાસ જવેલર્સના ત્યાં અચાનક જ પ્રવેશ મેળવી બહુ નાટયાત્મક રીતે દરોડા પાડયા હતા. આઈટી વિભાગના આઠથી દસ અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા હતા. આઈટી વિભાગના દરોડાને પગલે જવેલર્સના શો-રૂમમાં હાજર સૌકોઈ ચોંકી ઉઠયા હતા અને ગભરાઈ ગયા હતા. જો કે, આઈટીના અધિકારીઓએ તેમને શાંતિથી તપાસમાં સહકાર આપવા તાકીદ કરી સર્ચ ઓપરેશન શરૂ કર્યુ હતુ. આઈટીના અધિકારીઓએ શો રૂમમાંથી વિવિધ પ્રકારના બીલો, ચોપડાઓ સહિતના દસ્તાવેજો જપ્ત કર્યા હતા અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ જ પ્રકારે આઈટીના અધિકારીઓની અન્ય ટીમોએ વડોદરા અને રાજકોટ ખાતેના જોયઆલુક્કાસ જવેલર્સના અન્ય શો-રૂમ્સ પર દરોડા પાડયા હતા. આઈટીએ વડોદરામાં અલકાપુરી અને રાજકોટમાં યાજ્ઞિક રોડ પરના શો રૂમ્સ ખાતેથી વાંધાનજક દસ્તાવેજો, હિસાબી ચોપડાઓ અને બીલો જપ્ત કર્યા હતા. ગુજરા સહિત દેશભરના ૧૩૦ સ્થળોએ આજે ઈન્કમટેક્સ વિભાગે સપાટો બોલાવ્યો હતો અને સાગમટે દરોડા પાડી મોટાપાયે કામગીરી હાથ ધરી હતી. આજે દરોડા પાડવામાં આવ્યા તેમાં બેંગ્લુરૂ, મેંગ્લુરૂ, મુંબઈ, દિલ્હી, ઈન્દોર, ફરીદાબાદ, ચેન્નાઈ સહિતના શહેરોનો સમાવેશ થાય છે.

મોડાસામાં પક્ષીઓને બચાવવા જાગૃતિ રેલી

રાજ્ય સરકાર અને જિલ્લા કલેકટર દ્વારા પાછલા કેટલાક વર્ષોથી ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ લગાવવા છતાં તેની અમલવારી ફક્ત કાગળ પર જ હોય તેમ રાજ્ય સહીત અરવલ્લી જિલ્લાના અને મોડાસા શહેરમાં ઉત્તરાયણ પર્વમાં કેટલાક વેપારીઓ દ્વારા જાહેરનામાનો ભંગ કરી ચાઈનીઝ દોરીનો ખાનગીમાં ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે ત્યારે બુધવારે અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર, વનવિભાગતંત્ર દ્વારા મોડાસા આઈટીઆઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સહયોગથી મોડાસા શહેરમાં ઉત્તરાયણ પર્વમાં પતંગરસિયાઓ ચાઈનીઝ દોરીથી દૂર રહી ઉત્તરાયણ મનાવે તેવા ઉમદા હેતુથી કરુણા અભિયાન અભિયાન અંતર્ગત પક્ષી બચાવો જાગૃતિ રેલી યોજી ઉત્તરાયણ પર્વમાં અબોલ પક્ષીઓને દોરીથી થતી જાનહાની અને ઈજાઓ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો સંદેશ મોડાસા શહેરના માર્ગો પર ફરી હતી.

મોડાસાની કલ્પતરૂ સોસાયટીમાં ભરબપોરે બે મકાનમાં તસ્કરો ત્રાટક્યા

નકલી પોલીસે મહિલાના પાસેથી ૨ સોનાની બંગડી તફડાવી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં પોલીસને ખુલ્લી ચેલેન્જ આપતા હોય તેમ તસ્કરો, લૂંટારુ ગેંગ અને ગઠિયાઓ બેફામ બન્યા હોય અને પોલીસ નિષ્ક્રિયતાથી પોલીસના રૂપમાં બે ગઠિયા ભટકાઈ જતા લૂંટની બીક બતાવી ૨ સોનાની બંગડીઓ તફડાવી લેતા બંને ઘટનાથી મોડાસા શહેરના પ્રજાજનોમાં પોલીસની નિષ્ક્રિયતા સામે ભારે રોષ ફેલાયો હતો.

તેમની હિમ્મત આસમાને હોય તેમ દિવસે પણ લૂંટની ઘટનાને અંજામ આપતા નગરજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાની મેઘરજ રોડ પર આવેલી કલ્પતરૂ સોસાયટીમાં ૨ મકાનોને ભર બપોરે નિશાન બનાવી ૩૦ હજારના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બીજી એક ઘટનામાં માલપુર રોડ પર મંદિરે દર્શન કરી પરત ફરતી મહિલાને નકલી

મોડાસાના મેઘરજ રોડ પર આવેલી કલ્પતરૂ સોસાયટીમાં રહેતા ડૉ. દત્તુ રાવલના બંધ મકાનમાં પાછળના ભાગનો દરવાજો તોડી તસ્કરોએ ઘરમાં રહેલા ડિજિટલ કૅમેરા, સોનાની બુટ્ટી સહીત ૫ હજાર રોકડ રકમની લૂંટ ચલાવી બાજુમાં આવેલા હિરેન ભાવસારના પરિવારજનો સવારે સામાજિક કામ અર્થે અમદાવાદ જતા તેમના ઘરમાં પર પાછળનો દરવાજો તોડી ઘરમાં રહેલ સમાન વેરવિખેર કરી લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ધોળે દહાડે લૂંટ ચલાવતી લૂંટારુ ગેંગથી શહેરીજનોમાં ભયનો માહોલ પેદા કર્યો હતો.

મોડાસાના માલપુર રોડ પર સવારના સુમારે મંદિરે ભગવાનના દર્શન કરી પરત ફરતી વીણાબેન ચંદ્રકાન્તભાઈ ખીલવાણી નામની મહિલાને નકલી પોલીસ બની પોલીસ જેવું આઈ કાર્ડ બતાવી આગળ લૂંટની ઘટના બની હોવાની અને લૂંટનો ડર બતાવી મહિલાના હાથે પહેરેલી બંગડી ઉતારવી કાગળમાં લપેટવા આપી બંગડી સરકાવી લઈ ફરાર થઈ જતા મહિલાને ઘરે પહોંચી લૂંટાઈ હોવાની જાણ થતા બેબાકળી બની હતી. મોડાસા ટાઉન પોલીસમાં પહોંચી ફરિયાદ નોંધા હાથ ધરી હતી.

મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

કેટલા મૃત્યુનો સામનો કરવો પડ્યો . ધર્માંતર બાદ કેટલા આઘાતો સહેવા પડ્યા, મિત્રોની સમજાવટથી પાછા હિંદુ ધર્મમાં પાછા ફર્યા પણ મન ક્યાંય ઠર્યું નહીં આ બધી વાતો શ્રી પ્રફુલભાઈએ એટલી સરસ ક્રમબધ્ધ (મારી જેમ આડી તેડી નહીં)અને વિગતવાર રજૂ કરી કે બધા એકચિત્તે(અને બે કાને) સાંભળતા જ રહ્યા. કવિનું આખું જીવન કોઈ નવલકથાથી સહેજે કમ નથી.

આપણે ઉદઘાટન બેઠક અને ત્રીજી બેઠકની વાતો કરી. પહેલી અને બીજી અને ચોથી બેઠકની વાતો હજુ બાકી છે તે જો આ વાતો તમને ગમશે તો આવતી વખતે આગળ વધીશું નહીંતર હરિ, હરિ. બીજું શું ? પણ જતાં જતાં કાંતની એક સરસ કવિતા નહીં સાંભળતા જાવ ? માંડ બે મિનિટ લાગશે.

ઉદગાર :
વસ્યો હૈયે તારે:
રહ્યો એ આધારે :
પ્રિયે તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો !
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો.
નહીં તદપિ ઉદ્વેગ મુજનેઃ
નયન નીરખે માત્ર તુજનેઃ
હરે દ્રષ્ટિ વ્હાલી , સદય મૃદુ તારી જ રુજને.
સદા રહેશે એવીઃ
સુધાવર્ષા જેવી :
કૃતિ માનું, દેવી ! ક્ષણ સકલને જીવન તણી
આભાર - નિહારીકા રવિયા :
પ્રમત્તાવસ્થામાં નજર પણ નાખું જગ ભણી :

-કાન્ત

અમદાવાદ ખાતે ઝેરોક્ષ એસોસિએશનની બેઠક

અમદાવાદ, તા. ૮

અમદાવાદમાં સૌ પ્રથમવાર અમદાવાદ ઝેરોક્ષ ઓનર્સ એસોસીએશનની બેઠક મળી હતી. આ બેઠક દરમ્યાન અમદાવાદમાં ઝેરોક્ષના ભાવમાં મળતી અસમાન ભાવને લીધે સંયુક્તપણે એક ભાવ નક્કી કરવામાં આવ્યાં હતાં.

આ બેઠક દરમ્યાન તત્કાલીન પ્રમુખ અરવિંદભાઈ પટેલે ત્યાં ઉપસ્થિત ઝેરોક્ષ મશીન ધરાવતાં માલિકોને સંબોધતા જણાવ્યું હતું કે આપણાં ધંધામાં ઝેરોક્ષ કોપીના ભાવ નક્કી ન હોવાને લીધે શહેરના મહત્તમ વિસ્તારોના ઝેરોક્ષ કોપીના ભાવ અલગ-અલગ લેવાતા હોય છે. જેમાં જ્યાં ગળાકાપ સ્પર્ધા ધરાવતા વિસ્તારો છે તેમાં ત્યાં આપણા કેટલાંક સભ્યોને દેવું થઈ જતાં તેમણે તેમના ધંધા બંધ કરવાની નોબત આવી પડી છે. આવા સમયે આપણાં એસોસીએશનના સભ્યોની રોજી રોટી ટકી શકે અને કોઈ સભ્ય દેવાના વિષચક્રમાં ન ફસાય તેના અનુસંધાને આપણે આ બેઠકનું આયોજન કર્યું હતું. સભ્યોને જણાવ્યું હતું કે આજની મળેલી આ કારોબારી બેઠકમાં સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું છે કે એ-૪ સાઈઝની ઝેરોક્ષ કોપીના રૂ. ૨ તથા લીગલ સાઈઝના રૂ. ૩ અને એ-૩ સાઈઝ કોપીના રૂ. ૫ ઠરાવવામાં આવ્યા છે.

થરાદના ખાનપુર ગામના યુવકે કેનાલમાં પડી જીવન ટૂંકાવ્યું

બનાસકાંઠાના થરાદ થઈ પસાર થતી નર્મદા કેનાલમાં લોકોની મોતની છલાંગની ઘટનામાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગતરોજ થરાદના ખાનપુર ગામનો યુવક નર્મદા નહેરમાં પડયો હોવાથી સાત કલાકની શોધખોળ બાદ લાશ મળી હતી. થરાદના ખાનપુર ગામનો યુવક મંગળવારે સાંજે ઘરે પરત ન આવતા પરિવારજનો શોધખોળ હાથ ધરી હતી. ધ્યાન દોરતાં અને શોધખોળ કરતાં થરાદની નર્મદા નહેર પરથી યુવકના ચંપલ, મોબાઈલ, રૂમાલ તેમજ મિરાજ તમાકુ મળી આવતા નહેરમાં શોધખોળ કરાઈ હતી. થરાદની કેનાલ જાણે મોતની કેનાલ હોય તેવું સાબિત થઈ રહ્યું છે. કેનાલમાં કાલે જ તો પાણી આવ્યું હતું ત્યાં તો કાલે જ ખાનપુરના યુવકે મોતની છલાંગ લગાવી હતી. આ ખાનપુરનો રઘુભાઈ અગરાભાઈ હડિયોલ નામનો યુવકે નહેરમાં ઝંપલાવ્યું હોવાની આશંકા જતાં થરાદના નગરપાલિકાના તરવૈયા સુલતાન મીરને જાણ કરતા આજરોજ સવારે આઠ વાગ્યાથી સખત સાત કલાકની ઝહેમત બાદ ત્રણ વાગ્યાના સમયે યુવકની લાશ નર્મદાની મુખ્ય કેનાલના ઢીમાંના રસ્તાવાળા પુલ જોડેથી મળી આવી હતી.

ફ્લાયઓવર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવાનુ આયોજન કરી દેવાયુ છે. આ રૂટમાં ૪.૧૮ કી મીના માર્ગમાં ઉંચા કોરીડોરનુ નિર્માણ કરવામાં આવશે.ગોતાથી થલતેજ અંડરપાસને અનુલક્ષી હાઈકોર્ટને પણ અડચણ ન થાય તે મુજબનુ આયોજન કરાશે. આ યોજનાને અનુલક્ષી રૂટમાં ૭ ફલાયઓવર બનશે. જેમાં ગાંધીનગરમાં પણ ઘ-૦, સરગાસણ અને ઉવારસદ ચોકડીને અનુલક્ષી ફલાયઓવર બનાશે. આ ઉપરાંત રૂટમાં વૈષ્ણોદેવી , પકવાન ચાર રસ્તા સાણંદ , ઉજાલા ચોકડી પર ફલાયઓવરનુ નિર્માણ કરાશે. આ યોજના પાછળ રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. જયારે આગામી એપ્રિલ મહીનામાં કામ શરૂ કરી દેવાય તેવી પણ સંભાવના છે. માર્ગ નિર્માણની આ મહત્વની યોજનાને અનુલક્ષી સર્વિસ રોડ પણ બનાવાશે. જયારે રૂટમાં આવતા ક્રોસ રોડ પણ નિકળી જતા ટ્રાફિકની અવરજવર સરળ બનશે. આ યોજનાની મંજુરી માટે નેશનલ હાઈવેના અધિકારીઓએ પણ વિશેષ મહેનત કરી દિલ્હી સુધી સતત ફોલોઅપ પણ કર્યુ હતુ.આખરે કામગીરી મંજુરી થતા ટુંક સમયમાં કામ પણ હાથ ધરાશે.

સત્રની તારીખ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે ૧૫મી પછી તેઓ બજેટ અંગે મંત્રીઓ અને સચિવો સાથે તેમની બેઠકોનો દોર શરૂ કરશે. જેમાં કેટલી ગ્રાન્ટ ફાળવવી, નવી યોજનાઓ, જુની યોજનામાં કેવી રૂકાવટો આવી ક્યાં અટવાઈ, નવી વાર્ષિક યોજના, ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઈ અંતર્ગત કેટલો ખર્ચ કરાયો સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. પટેલે જણાવ્યુ હતુ કે બજેટની તૈયારીઓને લઈ નાણાં વિભાગ દ્વારા પણ કવાયત શરૂ કરી દેવામાં આવી છે. ૧૫મી પછી નવા સૂચનો, આવકના સ્ત્રોતો બધી જ બાબતોને આવરી લઈ બજેટની કવાયત તેજ બનશે.

રોડ એન્જિનિયરીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ કામોનો વ્યાપ વધારવા રૂ.૧૬૭૭ કરોડના વિવિધ પ્રોજેક્ટ મંજૂર કર્યા છે. આ કામો આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

નર્મદા ડેમ ખાતે વિશ્વની સૌથી ઉંચી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નું નિર્માણ થઈ રહ્યું છે તે સંદર્ભે આગામી સમયમાં પર્યટકોનો ખૂબ જ ઘસારો તેમજ ટ્રાફીકના ભારણને ધ્યાને લઈ, નર્મદા નદી પર ગરૂડેશ્વર ખાતે રૂ.૫૨ કરોડના ખર્ચે ઈપીસી પદ્ધતિ હેઠળ નવા બ્રીજનું નિર્માણ કરાશે. આ બ્રીજ ૬૫૧ મીટર લંબાઈનો અને ત્રણ-માર્ગીય પહોળાઈ ધરાવતો બ્રીજ બનશે. આ કામ પણ બે વર્ષમાં પૂર્ણ કરાશે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હયાત રસ્તાઓને પહોળા કરવા, તેનું મજબુતીકરણ, નવા પુલો અને નાળાઓ બનાવવા માટે ભારત સરકાર તરફથી સેન્ટ્રલ રોડ ફંડ (સીઆરએફ) ફંડ આપવામાં આવે છે, આ માટે કેન્દ્ર સરકારે રાજ્યના ૨૩ જિલ્લાઓના ૩૮ કામો માટે પણ રૂ.૭૮૦ કરોડની ફાળવણી કરી છે. જે હેઠળ રાજ્યના સ્ટેટ હાઈવેના ૩૧૧ કિ.મી. લંબાઈના ૧૬ કામો માટે રૂ.૪૭૮ કરોડ, પંચાયત હસ્તકના રસ્તા પર રૂ.૨૯૯ કરોડના ૩૫૨ કિ.મી.ના ૨૧ કામો તથા પોરબંદર ખાતે નેશનલ હાઈવેના રેલ્વે અન્ડરબ્રીજનું રૂ.૩ કરોડનું એક કામ પણ મંજૂર કરાયું છે. આમ સમગ્ર રાજ્યમાં આ યોજના હેઠળ કુલ-૬૬૩ કિ.મી. લંબાઈના માર્ગ સુવિધાના કામો હાથ ધરાશે જે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરાશે.

પૂરતી વિજળી અને યુરિયા નહીં મળતાં ખેડૂતોમાં ભભૂકતો રોષ : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂરી થતાં જ ભાજપ સરકારે ખેતીવાડીમાં ૧૦ કલાકનાં બદલે ૮ કલાકથી પણ ઓછા સમય માટે અનિયમિત રીતે વિજળી આપતાં રવિ પાકનું વાવેતર કરનાર ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જેમાં અત્યારે યુરિયાની શોર્ટેજથી ખેડૂતોને ઘણાં લાંબા સમય સુધી યુરિયા ખાતર પણ નહીં મળતાં નિરાશા વ્યાપી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતાં ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી વખતે મુખ્યમંત્રીએ જાહેરાત કરીને ખેતીવાડીમાં ૧૦ કલાક વિજળી આપી હતી. પરંતુ ચૂંટણી પુરી થતાં જ ભાજપ સરકારે ખેડૂતો સાથે વધુ એક છેતરપીડી કરી ૧૦ કલાક વિજળી આપવાનું બંધ કરી દીધું છે. અત્યારે રવિ પાકમાં સિંચાઈ માટે વિજળીની ખૂબ જ જરૂરીયાત હોવા છતાં ૮ કલાક કરતાં પણ ઓછી અને અનિયમિત રીતે વિજળી આપવામાં આવે છે એ જ રીતે બનાસકાંઠામાં પણ અત્યારે શિયાળુ પાક માટે પાણીની જરૂરીયાત સામે નર્મદા કેનાલમાંથી રીપેરીંગનાં બહાને પાણી આપવાનું બંધ કરાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ ઉપરાંત વડાપ્રધાન નીમ કોટેડની વાતો કરતાં હતાં. પરંતુ સમગ્ર રાજ્યમાં યુરિયા ખાતરની ભારે તંગી સર્જાઈ છે. જેમાં ઈફકો, કૃભકો, જીએસએફસી કે નર્મદા વગેરે સ્થળોએ અગાઉથી નોંધણી કરાવવા છતાં ઘણાં લાંબા સમય સુધી યુરિયા ખાતર નહીં મળતાં શિયાળું પાકને નુકસાન થઈ રહ્યું છે.

કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા બટાકા માટે રૂપિયા ૫૦ પ્રમાણે સબસીડી જાહેર કરવામાં આવી હતી.તેને ૯ મહિના થવા છતાં સબસીડીનો એકપણ રૂપિયો હજુ સુધી ખેડૂતોને આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત બટાકામાં ટ્રાન્સપોર્ટ માટે રૂ. ૭૫૦ પ્રમાણે સબસીડી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આ સબસીડી ડીસામાં જ માત્ર ભાજપનાં રાજકારણીઓ હોય તેવા ખેડૂતોને ચૂકવવામાં આવી છે. ડીસામાં રૂપિયા ૭૦ લાખની સબસીડી અપાયા સિવાય રાજ્યમાં અન્ય સ્થળોએ એકપણ ખેડૂતોને આ પૈસા અપાયા નથી. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં દહેગામનાં ખેડૂતો સામે કિન્નાખોરી રાખી ટેકાનાં ભાવે કપાસની ખરીદી પણ કરવામાં આવી નથી ત્યારે નવી સરકારને ખેડૂતો માટે કોઈ પર્વગ્રહ રાખ્યાં વિના વિજળી અને ખાતર પૂરાં પાડી શિયાળું પાકને નિષ્ફળ જતો બચાવવા ડૉ. હિમાંશુ પટેલે અપીલ કરી છે.

જવાનો ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સેનાએ અંકુશરેખા ઉપર યુદ્ધવિરામના ભંગના મામલામાં ખુબ જ આક્રમક વલણ અપનાવ્યું છે અને જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિ ઉપર મોટાભાગે બ્રેક મુકવામાં આવી છે. ઓપરેશન ઓલઆઉટ હેઠળ વર્ષ ૨૦૧૭માં ૨૦૦થી પણ વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાને મોટી નુકસાની ઉઠાવી પડી છે. ટેક્ટિકલ ઓપરેશનમાં અને સરહદપારથી ગોળીબારના જવાબમાં કરવામાં આવેલી કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાને ૧૩૮ જવાનો ગુમાવવા પડ્યા છે. આ ઉપરાંત ૧૫૫ને ઈજા થઈ છે. બીજી બાજુ ગોળીબાર અને અન્ય બનાવમાં

હળવા કરાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેશે. સુત્રોનું કહેવુંછે કે, એર ઈન્ડિયા બોર્ડે સરકારી પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. અત્રે નોંધનીય છે કે, ૨૦૧૪માં સિંગલ બ્રાન્ડ રિટેલમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી હતી. એ વખતે નાઈક જેવી મોટી ગ્લોબલ કંપનીઓએ ભારત તરફ રસ દાખવ્યો હતો. માનવામાં આવે છે કે, ઓટોમેટિક રુટથી મંજુરી મળી ગયા બાદ હવે બાકી અનેક કંપનીઓ પણ ભારતની તરફ આકર્ષિત થશે. કારણ કે હવે મંજુરી મેળવવામાં સફળતા રહેશે. આનાથી વિદેશી કંપનીઓ માટે કામ કરવા માટે વધુ સાનુકુળ માહોલ સર્જાશે. આનાથી અર્થવ્યવસ્થાને ફાયદો થશે. નોકરીની તકો ઉભી થશે. હાલમાં મલ્ટી બ્રાન્ડ રિટેલના સંદર્ભમાં કોઈ વાત કરવામાં આવી નથી.

જાહેર નોટીસ

અરજદારના વ. શ્રી વી. કે. ભટ્ટ

નડીયાદના મે. બીજા એમ.એ.સી.ટી. (સહાયક) અને એડી. ડીસ્ટ્રીક્ટ જજ સાહેબ શ્રીમતી એ. એન. અંજારીઆ સાહેબની કોર્ટમાં, મુ. નડીઆદ

પ્રા.એમ.એ.સી.પી. નં. ૩૭/૨૦૧૬
આંક-૫૬

અરજદાર : ચૌહાણ નરપાલસિંહ હનુભાઈ
રહે. ૪૩, સત્યપથ સોસાયટી, ઘોડાસર પોલીસ ચોકી પાસે, કેનાલ રોડ, ઘોડાસર, અમદાવાદ

વિરુદ્ધ

સામાવાળા : (૧) કનૈયાલાલ સાકરચંદ પ્રજાપતિ
રહે. સી/૨૦, મારૂતીધામ સોસાયટી, રામરાજ્ય નગર, અમરાઈવાડી, મુ.પો. તા.જી. અમદાવાદ
(૨) ગીતાબેન પ્રજાપતિ
રહે. રાજદીપ સોસાયટી, ગૌરી સિનેમા પાસે, ઓઢવ, મુ.પો.તા.જી. અમદાવાદ

મુદત તા. ૨૩/૦૧/૨૦૧૮

ઉપરોક્ત પ્રા.એમ.એ.સી.પી. નં. ૩૭/૨૦૧૬ના સામાવાળા નં.૧, ૨ આથી તમો ઉપર જણાવેલ સામાવાળા નં. ૧, ૨ને જાણ કરવામાં આવે છે કે, વાહન નં. જી.જે.૧ પી. ક્યુ. ૭૫૦૯થી તારીખ ૧૭/૯/૧૯૯૫ના રોજ આ કામે અકસ્માત થતાં રૂ. ૩,૦૦,૦૦૦/-ની રકમ મેળવવા માટે આ કામના અરજદારે અરજી દાખલ કરેલ હતી જે અરજી ના. કોર્ટે અરજદાર તથા અરજદાર વકીલશ્રીની ગેરહાજરીમાં ડીસમીસ કરાવમાં આવેલ છે. જેથી સદર કામે અરજદાર વિ.વ.શ્રીએ વિલંબ માફ કરવા માટે સદર અરજી દાખલ કરેલ છે જેની મુદત તા. ૨૩/૧/૨૦૧૮ના રોજની છે. જેથી તમોએ સદર અરજીનો જવાબ આપવા સારું ના. ટ્રીબ્યુનલમાં મુદત તારીખના રોજ સવારના ૧૧-૦૦ વાગે જાતે અથવા માહિતગાર વકીલશ્રી સાથે હાજર થવું. તે દિવસે તમારે તમારા સઘળા લેખિત પુરાવા જેની ઉપર તમારા બચાવનો આધાર રાખતા હોય તે તમારે સાથે હાજર રાખવા.

અને તમારે આ નોટીસ ઉપરથી જાણ કરવામાં આવે છે કે, જો તમો ઉપર જણાવેલ દિવસે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં અરજી સાંભળી યોગ્ય નિકાલ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૧લી માહે જાન્યુઆરી સને ૨૦૧૮ના રોજ ટ્રીબ્યુનલનો સીક્કો તથા મારી સહી કરી આપ્યું.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી/-	સહી/-	ટ્રીબ્યુનલનો સીક્કો	સહી/-
કુ. એસ. કે. મકવાણા	કુ. એસ.કે. મકવાણા		(એચ.એસ. વાઘેલા)
(આસીસ્ટન્ટ)	(ઈ.ચા. સુપ્રિન્ટેન્ડેન્ટ)		ડેપ્યુટી રજીસ્ટ્રાર
			એમ.એ.સી.પી. બ્રાન્ચ
			ડીસ્ટ્રીક્ટ કોર્ટ, નડીયાદ